સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

બજેટ ને ચૂંટણી વચનોમાં મૂર્ખ બનાવે છે,
'નિરાધાર' પ્રજા કરવેરા ભરવા તનાવે છે.
બનાવે 'એપ્રિલ ફૂલ' વિકાસનો ચાંદો બતાવી -
ને આંકડાના ગ્રાફે પ્રજાનું મગજ ભમાવે છે...

હાઈકુ

અચ્છે દિનનું
ગાજર જોઈ, થયા -
એપ્રિલ - ફૂલ!!

ભાષણ ભાણે
પીરસ્યા લાડુ, થયા
એપ્રિલ ફૂલ!!

ચિંતન

ન પ્રયોજનબત્ત્વાત્ ।

ઉપરોક્ત સૂત્ર નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

પરમાત્મા જગતના કારણ ના થઈ શકે. પ્રત્યેક કાર્ય પ્રયોજનથી પ્રેરાઈને થા છે.

પરમાત્મા તો પરિપૂર્ણ તથા પૂર્ણકામ છે. એ જગતની રચના શા માટે, કયા પ્રયોજનથી પ્રેરાઈને કરે ? પ્રયોજન વિના તો સદ્બુદ્ધિસંપન્ન સામાન્ય માનવ પણ કશું નથી કરતો. જીવોને માટે જગતની રચના કરાતી હોય તો તે પ્રયોજન પણ નિરર્થક લાગે છે, કારણ કે આ દુઃખમય દુનિયામાં કોઈ પણ જીવ સંપૂર્ણપણે સુખી નથી. એટલે પરમાત્માએ જગતની રચના કરી હશે એવું નથી માની શકાતું.

હાલમાં જ સદ્ગતિ ને પામનાર, બ્લેક હોલના શોધક વૈજ્ઞાનિક ડો. હોકીન્સ પણ ઈશ્વર જેવું કંઈ નથી એમ માનતા હતા.

સુવિચાર

- જંગલ જંગલ ઢૂંઢ રહા હૈ, મૃગ અપની કસ્તૂરી કો,
  કિતના મુશ્કિલ હૈ તય કરના, ખુદ સે ખુદ કી દૂરી કો - **યુસુફ ખાન**
- વિખેરાઈ જવાના બહાના તો ઘણાં મળશે, આવો,
  આપણે જોડાઈ જવાની તકો શોધીએ - **ભૂપત વડોદરિયા**
- ક્ષમા જીભમાંથી નહિ, જીગરમાંથી આવે તો રત્ન જેવી... નહીં તો રજકણ જેવી... - **જય વસાવડા**
- ડીપ્રેશન 'ડિપ' ત્યારે જ બને જયારે બુદ્ધિ છબછબિયાં કરે - **એસ. ભટ્ટાચાર્ય**
- અભિમાનના કરો તમારા ભણતર, પૈસા અને રૂપનું..,
  મોર ને તેના પીછાનો બોજ છ ઉંચે ઉડવા દેતો નથી - **અનામિકા નાગર**
- હર કોઈની છે અહિંયા એક સરખી કહાણી... હરેક ને ઓછી પડે છે પ્રભુએ કરેલી લ્હાણી - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : છાતીના કફ પર રાઈના ભૂકાને ગરમ કરી પોટીસ બનાવી છાતી પર મૂકવાથી કફ છૂટો પડે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સર પ્રભાશંકર પટ્ટણીના વૃદ્ધ માતા ધામમાં ગયા. માતાનો દેહ જોઈ પ્રભાશંકર ભાંગી પડ્યા. સ્મશાનમાં પણ આંખમાં આંસુ સાથે ચિતા સામે એકલા બેસી રહ્યા.

ડાઘુઓ સ્મશાનેથી પાછા આવ્યા. સૌ ધીમે ધીમે વિખરાવા લાગ્યા. પટ્ટણી સાહેબ હજી માતાને યાદ કરી હિંચકે ગુમસુમ બેસી રહ્યા. થોડી થોડી વારે આંખમાં આંસુ આવી જતા જોઈ નગર શેઠે કહ્યું, 'સાહેબ, હવે મને વાળો, મા તો ઘરડું પાન હતાં, સ્વસ્થ થાઓ, જવાબદારીઓ અને વાસ્તવિકતાનો સ્વીકાર કરો, આપની આવી સ્થિતિ અમારાથી જોવાતી નથી.'

પ્રભાશંકર પાણી પીધું અને સ્વસ્થ થતા બોલ્યા, 'શેઠ, હું સમજું છું કે માતૃશ્રીનો સ્વર્ગવાસ વૃદ્ધ ઉંમરે થયો છે. સમાજની દૃષ્ટિએ તેઓ લીલી વાડી મૂકી અમને સૌને સુખી જોઈને ગયા છે. હું બધું જ જાણું છું સમજું છું. પણ એક વાતનું સ્મરણ થતાં મારું હૈયું ભરાઈ આવે છે... આજે મને મારા બાળકો 'બાપુજી' કહીને સંબોધે છે, મિત્રો 'સર. પી.ડી.' કહીને બોલાવે છે. કોઈ દિવાન સાહેબ કહે છે તો કોઈ 'પટ્ટણી સાહેબ' કહીને બોલાવે છે. પણ મને 'પરભો' કહીને બોલાવનાર કોઈ ન રહ્યું. મારા પર મા જેવું વાત્સલ્ય કોઈ નહીં ઢોળે. ઘરે મોડો આવું તો બા તરફ કહેતા, 'પરભા, કેમ આવતાં મોડું થયું ?' આવું પૂછનાહર હવે કોઈ ન રહ્યું.'

નગર શેઠની આંખો પણ પ્રભાશંકરની વાત સાંભળીને ભીની થઈ.

પારો ઊંચો ચઢી રહ્યો છે

તંત્રીસ્થાનેથી...

માર્ચના અંતિમ સપ્તાહથી જ કાળઝાળ ઉનાળાએ દસ્તક દઈ દીધી છે. ચૈત્ર આમ તો વસંત ઋતુનો માસ ગણાય પણ હનુમાન જયંતી આવતાં આવતાં એ તાંબાની જેમ તપવા માંડ્યો છે. ગ્રીષ્મ ઋતુ તો કોણ જાણે કેવી આકરી તપશે ! ગ્લોબલ વોર્મિંગની ચિંતા કરતાં કરતાં હમણાં જ દિવંગત થયેલા મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંન્સ તો ત્યાં સુધી ભાખી ગયા કે આવનારાં સો વરસ દરમિયાન માનવીએ પૃથ્વી છોડી કોઈ બીજા ગ્રહ પર વસવાટ કરવાની તૈયારી કરવી પડશે. 'ગ્રીન સીટી' ના હુલામણા નામે જાણીતા પાટનગરનાં વૃક્ષો પર સૂરજનો તાપ જીરવી શકતાં નથી તે શું સૂચવે છે? અમદાવાદ જેવા સિમેન્ટ કોંકીટના જંગલ કરતાં હરિયાળી રાજધાનીનું ઉષ્ણતામાન કયારે તો વધી જાય છે. આવી જ ગરમી હવે રાષ્ટ્રીય રાજકારણમાં પણ જોવા મળશે. ૨૦૧૯ એક ઐતિહાસિક વર્ષ સાબિત થવાનું છે. ભાજપના શાસનથી અંજાયેલા ઘણા બધા મતદારોનું ભ્રમનિરસન થઈ ચૂક્યું છે. બલકે એનડીએ ગઠબંધનના સાથીદારો જ એક પછી એક એનો સાથ છોડી રહ્યા છે. ઉત્તર ભારતમાં સપાટો બોલાવી દેનાર મોદી કરિશ્મા ઝંખવાઈ રહ્યો છે. સત્તાનાં પગલાં સૂંઘીને પોતાની નાવડી હંકારનારા રામવિલાસ પાસવાન જેવા દલિત નેતાએ છેલ્લા કેટલાક વખતથી ભાજપના નેતૃત્વ સામે બળાપો કાઢવા માંડ્યો છે. ભાજપની નીતિ સવર્ણો તરફી અને દલિતો તથા લઘુમતીઓ વિરુદ્ધની હોવાના નિવેદનો કરી તેઓ ધીરે રહીને એનડીએ છોડી બિહારમાં જેનું વિશેષ રાજકીય વર્ચસ્વ છે તેવા રાજદ સાથે સાંઠગાંઠ કરવાની તૈયારીમાં છે. એ જ રીતે મહારાષ્ટ્રના દલિત નેતા અને કેન્દ્રીય મંત્રીએ પણ પોતાની જ સરકાર સામે ઝેર ઓકવા માંડ્યું છે. ગુજરાતમાં ભાવનગર જિલ્લાના ટીંબી ગામે ઘોડી પર સવારી કરવાના ગુનાસર દલિત યુવાનની હત્યાના વાવડ છે. આ તમામ બાબતો કેન્દ્રમાં દલિત સમાજનું પ્રતિનિધિત્વ કરતા રામદાસ આઠવલે એન રામવિલાસ પાસવાન જેવા નેતાઓ માટે એનડીએ સાથે છેડો ફાડવાનું નિમિત્ત બની શકે છે. સીબીએસઈ બોર્ડનાં પેપર લીક થવાની ઘટનાથી બધા જ પરેશાન છે. પંજાબ નેશનલ બેન્કને હવે નીરવ મોદી પાસેથી રૂપિયા વસૂલી શકવા બાબતે પાકી શંકા છે. નરેન્દ્ર મોદી સામે રાહુલ ગાંધી છાશવારે તીર તાકવા લાગ્યા છે અને મમતા દીદીએ તો એમને 'પૅક અપ'ની તૈયારી કરવાની સલાહ પણ આપી દીધી છે. આંધ્ર - તેલંગાણાના બેઉ બળિયા ઉપરાંત વાયએસઆર કોંગ્રેસના જગનમોહન એનડીએથી નારાજ છે. કર્ણાટકની ચૂંટણીનાં પરિણામ 'સેમી ફાઈનલ' બની રહે એવી શક્યતા છે. ઉત્તરપ્રદેશમાં સપા-બસપાનો સંયોગ ભાજપની બાજી પલટાવી શકે છે. આ બધું ભાજપના ચાણક્યો જાણે છે. એમન માટે પણ આ જીવસટોસટનો જંગ છે.

રસીના ફાયદા

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

(ગતાંકથી આગળ...)

કમળાની રસી, પોલિયોની રસી. મોં અને પગથી થતાં જે રોગ હોય છે. એટલે કે પગથી મોં સુધી જે કંઈ રોગ થાય છે એ બધા માટે રસી પ્રાપ્ત છે. રસી કેવી રીતે બને ? એના માટે એક વાયરલ અથવા તો પોલિયોની રસી કેવી રીતે બને છે તેનો દાખલો લઈએ. એટલે કે પોલિયોના વાયરસને પહેલાં ઉગાડવામાં આવે અને વાઈરસમાં જે ટોક્સીસિટી હોય છે તેનો નાશ કરવામાં આવે છે. જે નાશ બાયોજિકલ હોય છે અને ટોક્સીન ફ્રી વાયરસ શરીરમાં દાખલ કરવામાં આવે છે. એટલે કે પોલિયો માટે પોલિયોના ટોક્સીન વગરના વાયરસ શરીરમાં આપવામાં આવે છે. અને જેના લીધે શરીરમાં એક રોગપ્રતિકારક શક્તિનું નિર્માણ થાય છે અને જે રોગપ્રતિકારક શક્તિ પોલિયો માટે રકણ આપે છે. અથવા તો પોલિયોના વાયરસ સાથે બાથ ભીડે છે. આવું જ બધા રોગ માટે થાય છે. ખાસ કરીને વાયરલ ઈન્ફેકશનમાં વાયરલ વેક્સીન બહુ મોટો ભાગ ભજવે છે. બહારના દેશોમાં તો સરકાર જ ઋતુ પ્રમાણે રસી મફત આપતી હોય છે. જેથી સ્વાઈન ફ્લુ, કમળો અથવા તો કોઈપણ વાયરસ ઈન્ફેકશન જેનાથી માનવ જાતને આપણે બચાવી શકીએ છીએ. અમારે તો એટલું જ કહેવું છે કે જેટલી શક્ય હોય અથવા તો જેટલી બજારમાં મળતી હોય એટલી જ રસી લેવી જ જોઈએ. જેનાથી તમે તમારા રોગમાંથી ૧૦૦ ટકા મુક્ત થઈ શકો. સવાલ એ થાય કે એક જ વાર રસી લેવાથી આખી જિંદગી તમારે રસી લેવી ના પડે. ના એવું નથી. જેમ મનુષ્ય રોગ નવા નવા રૂપ અથવા તો નવી પ્રગતિ કરતો જાય છે તે પ્રમાણે વાયરસ અથવા તો બેક્ટેરિયા પોતાનું બાયોકેમિકલ ચેન્જ કરતાં જાય છે. એટલે કે એનામાં પણ નવીનતા આવતી જાય છે અને આ નવીનતાને પહોંચી વળવા તમારે એટલે કે સમગ્ર જાતિએ વેક્સીનના બુસ્ટર ડોઝ પણ લેવા પડે. જેનાથી તમને કાયમી અથવા તો ૨-૫ વર્ષ રોગપ્રતિકારક શક્તિ એ રોગ માટે મળે. ઉ.દા., કમળાની રસી જેમાં ૩ ડોઝ લેવાના હોય છે. ૦ એટલે પહેલું ઈન્જેકશન, ૧ એટલે બીજું ઈન્જેકશન અને ૨ એટલે ઉજુ ઈન્જેકશન. આ રસી દરક મહિને અથવા તો રસી બનાવનાર કંપનીએ જે પ્રમાણે જાહેર કર્યું હોય એ પ્રમાણે રસી લેવાની થાય. એકવાર કમળાની રસીના ૩ ભાગ લઈ લીધા પછી ૩ – ૪ વર્ષ આપણે કમળાથી બચીએ છીએ. આનો અર્થ એવો થાય કે જેણે રસી લીધી હોય એને કમળો ન જ થાય ? સામાન્ય રીતે આ સત્ય જ છે. પણ કોઈ વખત તમારી રોગપ્રતિકારક શક્તિ જો ઓછી હોય અને તમે જે રસી લીધી હોય એના કરતાં જુદાં જુદાં પ્રકારનો કમળાનો વાયરસ હોય તો તમને કમળો થઈ પણ શકે છે. તો સવાલ થાય કે આવી રસી શું કરવાની ? પૈસા બગાડવાના – હેરાન થવાનું અને પાછું કમળો તો થવાનો જ. સવાલ વ્યાજબી છે. પણ એવું નથી તમને જે કમળો કોઈપણ રસી લીધા સિવાય થયો હોય એના કરતાં જો તમે રસી લીધેલી હોય અને જો કમળો થાય તો એની અસર ખૂબ જ ઓછી હોય છે અને જેના લીધે શરીરમાં કોમ્પ્લીકેશન ઓછા થાય છે. અને ૧૦૦ ટકા કમળો મટે જ છે. એટલે કે જેને કહેવાય છે કે પહેલા કમળો થાય, પછી કમળી થાય આવી બધી વાતો જો રસી લીધી હોય તો એમાંથી આપણે બચી જઈએ. માટે મહેરબાની કરીને શક્ય હોય તેટલી જેમાં રસી બરાબર સચવાયેલી હોય એવી જગ્યાએથી એવા ડૉક્ટર પાસેથી હંમેશા રસી લેવી અને સાથે સાથે સમયાંતરે તેના બુસ્ટર ડોઝ પણ લઈ તમે તમારી, તમારા કુટુંબની અને સમાજની સેવા કરો. પૈસા સામે ન જોશો, પૈસા તમારા ખિસ્સામાંથી જશે પણ તમારા માટે, કુટુંબ માટે અને સમાજ માટે આ રસીકરણ જરૂરી છે.

- sgpathlab@gmail.com

યુવા ગૌરવ પુરસ્કૃત કવયિત્રી : ઈશિતા દવે



ગુજરાતી ભાષામાં મધ્યકાલીન સમયમાં મીરાંથી લઈને અત્યારે એષા દાદાવાલા અને ઈશિતા દવે સુધીની કવયિત્રીઓનો એક જુદો જ અવાજ ગૂજ્યાં કર્યો છે. આ પરંપરામાં ઈશિતા દવે એ આજનો અવાજ છે. આ કવયિત્રીનો જન્મ તા. ૩૦, ૫, ૧૯૯૨ ના રોજ સૌરાષ્ટ્રના જામનગર શહેરમાં થયો છે. માતા આશાબહેન અને પિતા કમલેશભાઈ દવેની નોકરીની બદલીને કારણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અનેક સ્થળોએ ફરતા ફરતા મેળવ્યું છે. તો વળી સ્નાતક અને અનુસ્નાતકની પદવી ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશ્વવિદ્યાલયમાંથી પ્રથમ સ્થાને રહીને મેળવી છે અને આ માટે તેઓને યુનિવર્સિટીનો સુવર્ણચન્દ્રક પણ મળેલ છે. તો વળી બી.એડ અને એમ. ફિલ પણ આ કવયિત્રીએ કરેલ છે. હાલ ' ભારતીય નવલકથામાં : દ્રૌપદી : એક અભ્યાસ' વિષય પર ડૉ. બિપિન આશરના માર્ગદર્શન હેઠળ પીએચ.ડીનો સંશોધનાત્મક અભ્યાસ પણ કરી રહ્યા છે.

આ કવયિત્રી હાલ અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવીને સ્થાયી થયા છે. પિતૃપક્ષેથી ચિત્રકલા અને માતૃપક્ષેથી સંગીત જેવી કલાનો વારસો મેળવીને અને પોતાના શિક્ષણ તથા સંસ્કારથી સાહિત્ય પ્રત્યે પોતાની રૂચિને એક સાધનાનું કર્મ બનાવીને એની પૂજા અર્ચના કરી છે.

બાળપણમાં જુદા જુદા પ્રદેશમાં રહેવાનું બનતા ઘણીબધી બોલી અને પ્રાદેશિક જીવનથી માહિતગાર થવાનો અવસર આ કવયિત્રીને મળ્યો છે. તો વળી નિસર્ગ તરફના અદમ્ય આકર્ષણને કારણે પ્રાકૃતિક સૌન્દર્યમંડિત વિવિધ સ્થળોના પ્રવાસને કારણે સાહિત્ય, ઈતિહાસ અને વિવિધ સંસ્કૃતિમાં ઊંડાણપૂર્વકની રસ રૂચિએ આ લેખિકાની દૃષ્ટિને વિકસાવી અને કેળવી છે. આમ ચિત્રકલા, સંગીતકલા અને સાહિત્યકલાના ત્રિવેણી સંગમથી તેઓનું જીવન ઘડાયું છે.

માત્ર નવ વર્ષની નાની ઉંમરે પ્રથમ કવિતા લખનાર આ કવયિત્રીની કાવ્યસર્જન યાત્રા અત્યાર સુધી અવિરતપણે ચાલતી રહી છે. આ યાત્રામાં અનેક પડાવો આવ્યા, પરંતુ આમ છતાંય આ કવયિત્રીએ કોઈના પણ પ્રભાવમાં આવ્યા વિના પોતિકી મુદ્રા ઉપસાવવામાં સફળ રહ્યા છે. વર્ષ – ૨૦૧૧માં ૧૮ વર્ષની ઉંમરે પ્રથમ ગઝલ સંગ્રહ 'સમયના સથવારે' કરીને અનેક સર્જકો, વિવેચકો અને વિદ્વાનોની શુભેચ્છાઓ મેળવી હતી. આ કવયિત્રીએ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં ય પોતાની કલમ ચલાવી છે. સંગીતના સાહજિક લય સાથે મનોજગતના આંદોલનોને સભાનતાપૂર્વક તપાસી નિજી કાવ્યસૃષ્ટિનું સર્જન કરવાનો પ્રયાસ કર્યો છે. અને જેના થકી તેઓ ભાવકો સાથે સીધો ભાવવાહી સંબંધ સ્થાપિત કરી શક્યા છે. તો વળી સુખ્યાત સુગમ સંગીતના ગાયકોને કંઠ પણ તેમની રચનાઓ સ્વરબધ્ધ થઈને ભાવકો સુધી પહોંચી છે.

આ કવયિત્રીએ પોતાના કાવ્યોની પ્રસ્તુતિ ''અસ્મિતાપર્વ – ૧૭''માં કરીને પોતાની કવિતાઓનો પરિચય ગુજરાતી સાહિત્યને આપી દીધો છે. તો વળી પૂ.મોરારિબાપુ દ્વારા ત્રણેક વખત સન્માનિત થનાર આ કવયિત્રીને કથાકાર શ્રી પૂ. રમેશભાઈ ઓઝા તથા શ્રી નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં સરકાર દ્વારા પણ સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મહાત્મા યોગીશ્વરીજી એવોર્ડ, જય ભિખ્ખુ એવોર્ડ, શ્રી બી. એન. વિરાણી એવોર્ડ, કવિશ્રી ન્હાનાલાલ પારિતોષિક, વિશ્વનાથ મ. ભટ્ટ પારિતોષિક, મહિલા સશક્તિકરણ એવોર્ડ તથા વિશિષ્ટ શક્તિ એવોર્ડ સહિત કુલ ચાલીસથી વધુ વખત આ કવયિત્રી સન્માનિત થયેલાં છે.

ભારતીય વિદ્યાભવન દ્વારા આયોજિત કાવ્ય સંમેલનમાં કાવ્યપાઠ, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત કવિ સંમેલનનું સંચાલન તથા કાવ્યપાઠ, શ્રી આનંદીબેન પટેલ દ્વારા આયોજિત મહિલા સશક્તિકરણ પખવાડિયા ઉજવણી કાર્યક્રમનું સંચાલન તથા સન્માન મેળવેલ છે. આ ઉપરાંત રાજ્યના વિવિધ કવિ સંમેલનોમાં કવયિત્રી તરીકે નિમંત્રિત થઈને કાવ્યપાઠ તથા સંચાલન પણ કરેલ છે. આકાશવાણી – રાજકોટ કેન્દ્ર દ્વારા કવિતા, ચર્ચાપત્રો અને ગઝલના કાર્યક્રમો હિંદી તથા ગુજરાતી ભાષામાં પ્રસારિત થયેલા છે. તો વળી વિવિધ સામયિકોમાં તેમની રચનાઓ અવાર નવાર પ્રગટ થતી રહે છે. અખબારો તથા ઇ – મેગેઝીનોમાં તેમના ઈન્ટરવ્યું પણ પ્રસારિત થયા છે.

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

પોતાના સાહિત્ય સર્જન અંગે આ કવયિત્રી કહે છે કે ''સાહિત્ય સર્જન એ મારી માટે એક સાધના છે. મને જે પરમતત્વની ખોજ છે એ પરમતત્વ સુધી પહોંચાડનાર ઓજાર તરીકે મેં સાહિત્યને સ્વીકાર્યું છે. મારી કવિતા મને બહારની દુનિયાને છોડી મને મારી નજીક લઇ આવે છે. મને સ્વ.થી સર્વસ્વ તરફ દોરી જાય છે. એ સમય જ એવો હોય છે જ્યારે હું સૌથી વધુ મારી નજીક હોઉં છું. પોતાની અંદર ઊંડા ઉતરી જાગૃત રહેવાનું મને સાહિત્યએ શીખવ્યું છે. મારાં અંતરના વારાફેરાને સાક્ષીભાવે જોતા મને સાહિત્યએ શીખવ્યું છે. મને આ સાક્ષીભાવ સાહિત્ય પાસેથી પ્રાપ્ત થયો છે. આ સાહિત્ય મને જરૂર પરમતત્વ સુધી દોરી જશે એની મને શ્રદ્ધા છે.'' અને આ શ્રદ્ધા તેમની કવિતામાં પણ અનુભવી શકાય છે. ઈશિતા દવેના કેટલાંક શે'રને માણીએ તો

તાર કાં તો માર રસ્તા બે જ છે.
જીત કાં તો હાર રસ્તા બે જ છે.

.....

જીવવું જો હોય તો એ જોઇશે
તેજ કાં તલવાર રસ્તા બે જ છે.

.....

આમ ઊભો ના રહે રણક્ષેત્રમાં
મર નહિતર માર રસ્તા બે જ છે.

.....

સહન સઘળું કરીને જિંદગી આળી કરી છે
અમે તો જાત બાળીને જ દીવાળી કરી છે.

.....

બાદબાકી રોજ ખુદની થાય સરવાળા મહીં
હું ય જીવું છું દિવસ ને સતના ગાળા મહીં

.....

કોણ કોની વેદનાને સાંભળે એ તું કહે
સૌ અહીં જીવી રહ્યા છે લોહીઉકાળા મહીં

.....

સમયની સાથ ખેલી જંગ હું ટટ્ટાર ઊભી છું.
લઇને નાવને હું એકલી મઝધાર ઊભી છું.

.....

જે છે બધુ એ છોડવામાં વાર તો લાગે જ ને
આ જાત આખી ખોળવામાં વાર તો લાગે જ ને

.....

મેં જિંદગી આખી ભલે તડફડ કરી તોડ્યું બધું
એકાદ સગપણ જોડવામાં વાર તો લાગે જ ને

.....

આમ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં કલમ ચલાવનાર આ કવયિત્રી ઈશિતા દવે કવિ સંમેલનો, મુશાયરા તથા સાહિત્યિક કાર્યક્રમોના એક સારા સંચાલિકા પણ છે અને સાહિત્ય, જીવન અને સમાજને ખુબ નજીકથી ઓળખીને એના તત્વને આંતરિક જગતમાં ઘૂંટીને શબ્દના માધ્યમથી આપણી સમક્ષ જ્યારે એ અનુભવો વ્યક્ત કરે છે ત્યારે તેમાંથી તેમની એક અનોખી આભા અને વ્યક્તિત્વ પ્રગટતું જોઈ શકાય છે.

આલેખન : ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ઈજ્જત નું 'ટેમ્પરીંગ'....!

રગ્ગળપાટ
અજય ઉપાધ્યાય

આઈસીસી છેલ્લા ચૌદેક વર્ષથી ક્રિકેટ ટીમોને ફેર-પ્લે માટે સ્પીરીટ ઓફ ક્રિકેટ એવોર્ડ આપે છે કે જેમાં આખા વર્ષ દરમ્યાન જે તે ટીમે મેદાન ઉપર અને મેદાન બહાર કરેલી વર્તણુક ને વિજેતા થવાની પારાશીશી મનાય છે અને ઓવરઓલ ખરેખર જેન્ટલમેન ગેમ ગણાતી ક્રિકેટ રમતી કોઈ પણ ટીમ માટે આ એવોર્ડ જીતવો ગૌરવની અને ખરેખર ગેમ સ્પીરીટથી ક્રિકેટ રમ્યા એવા સંતોષની લાગણી ગણી શકાય એવું આ એવોર્ડનું મહત્વ છે. આ ૧૪ વર્ષોમાં ન્યુઝીલેન્ડે સૌથી વધુ પાંચ વખત આ એવોર્ડ જીત્યો છે, ઇવન ઈંગ્લેન્ડ (૪ વાર) શ્રીલંકા (૩ વાર), અને ભારત-પાકિસ્તાન (૧ વાર) પણ આ એવોર્ડ જીતી ચુક્યા છે પણ અનેકો વાર વર્લ્ડ ચેમ્પિયન રહેલી ઓસ્ટ્રેલીયન ટીમ આ એવોર્ડ એક પણ વાર જીતી શકી નથી...! નવાઈ લાગી ને ?

જો કે આમાં નવાઈ પામવા જેવું કશું છે જ નહિ , ઓસ્ટ્રેલીયન ક્રિકેટ અને ક્રિકેટરોનો ઈતિહાસ ગવાહ છે કે જીતવાની લ્હાયમાં ને લ્હાયમાં ઓસ્ટ્રેલીયન ટીમના હાલના અને ભૂતકાળના અનેકો નામવર ખેલાડીઓએ ક્રિકેટને બટ્ટો લાગે એવી હરકતો કરેલી જ છે...! સ્લેજિંગ તો ઓસ્ટ્રેલીયન ક્રિકેટરોનું રામબાણ હથિયાર છે જ પણ સાઉથ આફ્રિકા સામેની કેપટાઉન ટેસ્ટમાં કેમેરામાં જે પકડાયું એ તો ખરેખર ક્રિકેટ પર કલંક જ કહી શકાય કેમકે એક તો બોલ ટેમ્પરિંગની એ ઘટના ક્રિકેટના નિયમોની વિરુદ્ધ છે બીજી ગંભીર વાત એ છે કે બોલ ટેમ્પર કરવાની કોશિશ કર્યા પછી પણ પકડાઈ ના જવાય એ માટે પ્રયત્નો કરવામાં આવ્યા અને સૌથી ગંભીર વાત એ છે કે આ આખીયે બોલ ટેમ્પરિંગ ઘટના એ એક-બે નહિ પણ સામુહિક રીતે અમલમાં મુકાયેલ છે. સાલું એ સમજ નથી આવતું કે લેહમેન, બેન્ક્રોફટ અને સ્મિથ જેવાઓને એવો કેવો ભરોષો હશે કે આપણે પકડાશું જ નહિ એ પણ સેંકડો કેમેરા તમારા પર ફોકસ હોય તો પણ..! તમતમારે છેડચોક બિન્દાસ સેન્ડપેપરવાળી ટેપ ઘસ્યા કરો દડા પર..!

ખેર સ્મિથ, વોર્નરને એક સાલનો ક્રિકેટ વનવાસ અને બેન્ક્રોફટને ૯ મહિનાનો તો કોચ લેહમેનની હકાલપટ્ટી જેવા કડક નિર્ણયો ઓસ્ટ્રેલીયન ક્રિકેટ બોર્ડ અને આઈસીસી દ્વારા તો આઈપીએલમાંથી પણ સ્મિથ , વોર્નરની હકાલપટ્ટી થઈ ચુકી છે એટલું જ નહિ પણ 'આરોપી' ખેલાડીઓએ રડતા-રડતા મીડિયા સમક્ષ અમારી ભૂલ થઈ ગઈ એમ કબુલી લીધું પણ છે જ પણ સવાલ એ થાય છે કે ખ્યોરલી સ્કીલ અને ટેકનીકથી રમાતી અને જીતાતી ક્રિકેટની ગેમમાં આવું કરવાની જરૂર શું પડી? અને જો આખુયે ટેમ્પરિંગ કૌભાંડ જેના દ્વારા બહાર આવ્યું છે એ સાઉથ આફ્રિકન ભૂતપૂર્વ ક્રિકેટર ફેની ડી વિલ્યર્સની વાત સાચી માનીએ તો ઓસ્ટ્રેલીયનોએ આ અગાઉના ટેસ્ટમાં પણ બોલ સાથે અનીધીકૃત છેડછાડ કરી હોવાની આશંકા છે.ફેનીને ૨૫મી ઓવરમાં જ બોલ રીવર્સ સ્વીંગ થતા શંકા ગઈ અને એણે જ કેમેરામેનને ઓસીઝ ખેલાડીઓ પર વોચ રાખવાની સુચના આપેલી. મોટી સ્ક્રીન પર દડા પર પીળી પટ્ટી ઘસતો બેન્ક્રોફટ જયારે બધાએ જોયો ત્યારે કોમેન્ટ્રી ટીમ સહીત લાઈવ દ્રશ્યો જોનાર બધા જ આઘાતમાં આવી ગયેલા જો કે એ એક્સક્લુઝીવ ફૂટેઝ કેમેરામાં કંડારતા પહેલા કેમેરામેન ઓસ્કારને મેદાન પરના દરેક ઓસીઝ ખેલાડીઓ પર દોઢ કલાક એકદમ ઝીણવટપૂર્વકનું ફોકસ રાખવું પડેલું... તબ કહી જા કે બેનક્રોફટભાય દડા સાથે મસ્તી કરતા પકડાઈ ગયેલા...!

ખેર પકડાઈ તો ગયા અને પકડાઈ ગયા એટલે સ્વાભાવિક છે કે ભૂલ કબુલ કરવી જ પડે કેમકે સામે સચોટ પુરાવા હાજર હતા એટલે સત્યવાદી સ્મિથભાઈએ આખી ઘટના કેમ અંજામ આપી અને કોના કહેવાથી આપી એના વટાણા પ્રેસ કોન્ફરન્સમાં વેરી દીધા - ઈન્ફેકટ વેરવા જ પડે..! પણ વધુ ગંભીર વાત એ છે અને જેમ અગાઉ ફેની ડી વિલ્યર્સ ના કહ્યા મુજબ લખ્યું એમ કે પકડાયા નહિ હોય એવી કેટલી વાર ઓસીઝે બોલ ટેમ્પરિંગ કર્યું હશે? ફેની તો કહે જ છે કે મને તો અગાઉના મેચમાં પણ આવું કર્યું હશે એવી શંકા છે જ..! સજાના ભાગ રૂપે કોચગીરી છૂટ્યા પછી વતન પહોચેલા લેહમેને સાચું જ કહ્યું કે 'રમત જીતવા અગ્રેસીવ હોવું જોઈએ અને બધા હોય જ છે પણ આ વખતે અમે ઓસ્ટ્રેલીયનોએ બધી જ બાઉન્ડ્રી ક્રોસ કરી નાખી...!' ભૂરો હવે સાચું બોલ્યો...! પણ સાથે સાથે લેહમેને એ પણ કહેવું જરૂરી હતું કે ઓસીઝ ખેલાડીઓએ ભૂતકાળમાં ક્યા ક્યા આવું કરેલું છે, કેમકે સો ટકા શંકા જાય જ કે ઓસીઝે આવું અગાઉ કર્યું જ હશે અને ઓબવિયસલી પકડાયા નહિ હોય તો જ એમને આટલો સાહસિક નિર્ણય લેવાનું મન થાય..!

ક્રિકેટમાં 'બોલ ટેમ્પરિંગ' કોઈ નવી ઘટના નથી કે કેપટાઉન ટેસ્ટમાં થયું એ કાઈ પહેલી વાર નથી થયું. આ અગાઉ ગ્રેટ સચિન સહીત ઘણા બધા ખેલાડીઓ આ ટેમ્પરિંગના ટેન્શનમાં ફસાઈ ચુક્યા છે. જો કે 'બોલ ટેમ્પરિંગ'ના સૌથી વધુ આરોપો પાકિસ્તાન ટીમ પર લાગેલા છે અને મજાની વાત એ છે કે જેને ક્રિકેટમાં રીવર્સ સ્વીંગ કહેવાય અને બોલ રીવર્સ સ્વીંગ થાય એટલા માટે એની એક તરફની સપાટી વધુ ખરબચડી બનાવી દેવી કે વધુ શાઈનીંગવાળી કરવા માટે અનીધીકૃત રીતે બોલ સાથે છેડછાડ કરાય છે એ રીવર્સ સ્વીંગની ક્રિકેટ જગતને ભેટ પણ પાકિસ્તાની ક્રિકેટરોએ જ આપેલી. ૧૯૭૦મા પાકિસ્તાની પેસ બોલર શરફરાઝ નવાઝ આનો જનક કહી શકાય પછી આ 'વિદ્યા' ઇમરાન, વકાર અને શોએબ અખ્તર સુધી પહોચી, એમ તો ઓસીઝ ફાસ્ટ બોલર ડેનીસ લીલી પણ આમાં માહિર બનેલો અને ઈંગ્લીશ કાઉન્ટી રમતા પાકિસ્તાની ખેલાડીઓ પાસેથી આ કળા ઈંગ્લીશ બોલરો પાસે પણ પહોચી. આપણે મનોજ પ્રભાકર થી ઝહિર ખાન સુધી આ વિદ્યા પહોચેલી જો કે હવે તો રીવર્સ સ્વીંગ બધા બોલરો કરી શકે છે અને બહુ કોમન છે...!

પણ આ કોમન લાગતું 'રીવર્સ સ્વીંગ' તો દડો જુનો થાય ત્યારે જ શક્ય બને અને ખાસ તો ગ્રીન પીચ અને ગ્રીન ગ્રાઉન્ડ હોય તો દડાને રફ થતા થતા ઘણી ઓવરો થઈ જાય. તો હવે કરવું શું...? હાજીર છે સ્મિથ-લેહમેન બ્રાંડ ફોર્મ્યુલા... 'બોલ ટેમ્પરિંગ'! જો કે આમાં ખાલી ઓસ્ટ્રેલીયનોને એકલાને દોષ દેવો પણ નકામો છે કેમકે આ અગાઉ ડેનીસ લીલીનો ફેમસ વેસેલીન કાંડથી શરુ થઈને ઘણા ક્રિકેટરો આમાં ફસાઈ ચુક્યા છે. સને ૨૦૦૦માં તો આ મામ